વિભાગ : ૧

# વિષય પ્રવેશ

આ પુસ્તકનું પ્રયોજન તેના નામ પ્રમાણે **સંસારમાં દુઃખ** અને **મોક્ષમાં સુખ** છે તે બાબતની સમજૂતી આપવાનું છે. આ વિભાગમાં આવી સમજૂતી આપતા પહેલાં તે માટેની અભિરુચિ કેળવી વિષય પ્રવેશ કરાવનાર બે પ્રકરણો આપવામાં આવેલ છે.

પ્રથમ પ્રકરણમાં સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન અને ફળ દર્શાવવામાં આવ્યું છે. અને બીજા પ્રકરણમાં સંસારનું સ્વરૂપ સઘળા પ્રકારે દુઃખરૂપ દર્શાવવામાં આવ્યું છે.

## પ્રકરણ : ૧

# સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન અને ફળ

**પ્રકરણની રૂપરેખ**

•પ્રાસ્તાવિક

1. **સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન**
   ૧. નાસ્તિથી સંસારમાં સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં સુખ છે તે સમજાય
   ૨. અનાદિનું દુઃખ ટળે અને સાચા સુખની શરૂઆત થાય
2. **સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ**
   ૧. ભવ્યપણાની પ્રગટતા
   ૨. આત્મહિતની યોગ્યતા
   ૩. સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું પ્રગટે
   ૪. સંસારસંબંધી અવળો પુરુષાર્થ ટળી મોક્ષમાર્ગસંબંધી સવળો પુરુષાર્થ પ્રવર્તે
   ૫. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ અને તેથી બીજા મિથ્યાત્વ પણ મટી શકે

•ઉપસંહાર

यह संसार कांटे की वाडी (२), उलझ उलझ मर जाना है॥
रहना नहि देश विराना है ॥ १ ॥

यह संसार कागजकी पुडीयां (२), बूंद पडे घूल जाना है।
रहना ॥ २ ॥

यह संसार झाड और झांखर (२), आग लगे जल जाना है।
रहना ॥ ३ ॥

कहत कबीरा सुनो भाइ साधु (२), सद्‌गुरु नाम ठिकाना है।
रहना ॥ ४ ॥



**ભાવાર્થઃ** આ સંસાર કાંટાની વાડી જેવો છે. જેમ કાંટાની વાડીમાં ફસાયેલો માણસ ઉલઝી ઉલઝીને મરી જાય છે, તેમ સંસારમાં ફસાયેલો જીવ મુંઝાઈ મુંઝાઈને મરી જાય છે.

આ સંસાર કાગળના પડીકા જેવો છે. જેમ કાગળના પડીકાને કોઈમાં બંધાયને પાણીનું ટીપુ પડતાં ધૂળ ભેગું થઈ જવાનું હોય છે, તેમ સંસારી જીવને કર્મમાં બંધાઈને મરણ આવી પડતાં ધૂળમાં મળી જવાનું હોય છે.

આ સંસાર ઝાડ અને ઝાંખરા જેવો છે. જેમ ઝાડ અને ઝાંખરાને ભઠ્ઠી, સગડી કે ચૂલાની અગ્નિમાં સળગી જવાનું હોય છે, તેમ સંસારી જીવને આધિ, વ્યાધિ કે ઉપાધિના તાપમાં બળી જવાનું હોય છે.

માટે આ વેરાન વગડા જેવા દુઃખમય સંસારમાં અમારે રહેવું નથી. કબીર કહે છે કે, હે ભલા ભાઈ ! આ દુઃખમય સંસારમાંથી બહાર નીકળવા માટે એક સદ્‌ગુરુ જ શરણરૂપ છે. (કબીરના દોહામાંથી)

આ જીવની એક માત્ર આવશ્યકતા સુખની જ છે. આવશ્યકતા જ આવિષ્કારની જનની છે. તેથી દરેક જીવ પોતાના સુખની જ શોધમાં હોય છે. પરંતુ આ જીવને અનાદિ કાળથી સંસારના કહેવાતા સાંસારિક સુખને જ સુખ માનવાની ભ્રાંતિ છે. તેથી તે સાનુકૂળ સંયોગો જેવા કહેવાતા સાંસારિક સુખમાં જ પોતાના સુખને શોધે છે. અને પારમાર્થિક સુખને શોધવાનો કોઈ પ્રયત્ન જ કરતો નથી. સંસારમાં ક્યાંય પણ સુખ ભાસે તો પોતાની અંદરના પારમાર્થિક સુખને મેળવવાનો પ્રયત્ન ન જ થાય તે દેખીતું છે. તેથી સંસારમાં ક્યાંય સુખ નથી અને સંસારનું કહેવાતુ સુખ પણ ખરેખર દુઃખ જ છે તે નક્કી થવું જરૂરી છે.

આ જીવનું એક માત્ર પ્રયોજન સુખનું છે. સુખ માટે જ તે સઘળી પ્રવૃત્તિ કરે છે. પણ આ સંસારમાં ક્યાંય સુખ નથી. સમગ્ર સંસાર દુઃખનો જ દરિયો છે. સંસારની ચારેય ગતિ દુઃખ ભોગવવાનું જ સ્થાન છે. સંસારી જીવોને કોઈપણ કર્મનો ઉદય અને તેનાથી પ્રાપ્ત અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો સમાનપણે દુઃખ દેનારા છે. તેથી સંસારમાં કશું જ સારભૂત નથી. સમગ્ર સંસાર અસ્થિરતા અને આકુળતામય હોવાથી અત્યંત દુઃખદાયક છે. તેથી વહેલી તકે સંસારનો અભાવ કરવા જેવો છે.

સંસારથી વિરુદ્ધ મોક્ષમાં સઘળું સુખ જ છે. સમગ્ર મોક્ષ અને મોક્ષમાર્ગ સુખનો જ સાગર છે. સંસારની

ચારેય ગતિથી વિલક્ષણ એવી પંચમગતિ એટલે મોક્ષદશા જ આ જીવને સુખ ભોગવવાનું સ્થાન છે. મોક્ષમાં જ કર્મના અભાવે ઉત્પન્ન થતું આત્મિક, અતીન્દ્રિય, અનુપમ અને અખંડિત સુખ છે. તેથી મોક્ષ જ સર્વ પ્રકારે સારભૂત છે. સમગ્ર મોક્ષ અને મોક્ષનો માર્ગ સ્થિરતા અને નિરાકુળતામય હોવાથી અત્યંત સુખદાયક છે. તેથી શીઘ્રાતિશીઘ્ર મોક્ષની જ પ્રાપ્તિ કરવા જેવી છે.

સંસાર સઘળા પ્રકારે દુઃખરૂપ જ છે. અને મોક્ષમાર્ગ કે મોક્ષ જ સત્ય સુખરૂપ છે એ બાબત હૃદયમાં બેસે એટલે કે તેની વેદનભૂત પ્રતીતિ આવે તો જ તેના ફળ તરીકે આત્માર્થીપણું આવે અને તેથી આત્માની પ્રાપ્તિ થઈ મોક્ષમાર્ગમાં પ્રવેશ સંભવે. તેથી અનંત કાળથી ચાલ્યું આવતું અનાદિનું દુઃખ ટળે અને સાચા સુખની પ્રાપ્તિનો પ્રારંભ થાય.



પણ આ માટે સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ સૈદ્ધાંતિક રીતે પણ બુદ્ધિમાં બેસવી જરૂરી છે. સૈદ્ધાંતિક રીતે બુદ્ધિમાં બેઠેલી બાબત પછી હૃદયગત પણ થઈ શકે છે. તેથી આ સમગ્ર પુસ્તકનો આશય સંસારદુઃખ અને મોક્ષસુખની બાબતને સૈદ્ધાંતિક રીતે બુદ્ધિમાં બેસાડવાનો છે. આ માટે તેની તાર્કિક અને વૈજ્ઞાનિક સમજૂતી સરળ અને સુગમપણે આપવામાં આવશે. અહીં આ વિભાગમાં સંસારમાં કઈ રીતે અને શા માટે દુઃખ છે અને મોક્ષમાં કઈ રીતે અને શા માટે સુખ છે તે બાબતની સમજૂતીનો આશય નથી. આવી સમજૂતી પછીના વિભાગોમાં ક્રમશઃ અપાશે. આ વિભાગ : ૧ : વિષય પ્રવેશનો છે. અને તે આવી સમજૂતી આપતા પહેલાં તેની **અભિરુચિ** કેળવવા માટેનો છે. આ પ્રકરણમાં સંસારદુઃખ અને મોક્ષસુખ વિષેની સમજણની આવશ્યકતા અને અનિવાર્યતા દર્શાવવા માટે તેનું પ્રયોજન અને ફળ બતાવ્યું છે.

સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાના હેતુ કે ઉપયોગને તેનું પ્રયોજન કહે છે. જે **પ્રયોજન** આ પ્રમાણે છે–

૧. નાસ્તિથી સંસારમાં સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં સુખ છે તે સમજાય

૨. અનાદિનું દુઃખ ટળે અને સાચા સુખની પ્રાપ્તિ થાય

## ૧. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન

### ૧.૧. નાસ્તિથી સંસારમાં સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં સુખ છે તે સમજાય

**यत्सुखं तत्सुखाभासं, यद्दुःखं तत्सदाञ्जसा ।**
**भवे लोकाः सुखं सत्यं, मोक्ष एव स साध्यताम् ॥**

**ભાવાર્થઃ** સંસારમાં જેને દુઃખ કહે છે તે તો વાસ્તવિક જ છે. પરંતુ જેને સુખ કહે છે તે સુખાભાસ છે અને વાસ્તવિક દુઃખ છે. સાચું સુખ સંસારમાં ક્યાંય નથી પણ મોક્ષમાં જ છે. તેથી હે ભવ્યજનો ! નાસ્તિથી સંસારમાં સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં સુખ છે તે સમજીને મોક્ષના સુખની જ સાધના કરો. (પદ્મનંદી પંચવિંશતિઃ, અધિકાર ૬, શ્લોક ૪૭)

આ સંસારમાં ક્યાંય પણ સુખ નથી અને સઘળું દુઃખ જ છે તેમ નક્કી થાય તો અને તો જ આ સંસારના અભાવનો ઉપાય બને. પણ અજ્ઞાની જીવ સંસારમાં દુઃખ માનતો જ નથી. કદાચ આ જીવ સંસારમાં દુઃખ માને તોપણ તે માત્ર પ્રતિકૂળતામાં જ માને છે અને અનુકૂળતામાં નહીં. સંસારની પ્રતિકૂળતામાં દુઃખ છે તેમ તો ગાંગલી ઘાંચણ પણ કહે છે. વાસ્તવમાં અનુકૂળતા પણ દુઃખરૂપ ભાસે તો જ જીવને સંસારનો ત્રાસ લાગે અને તો જ સંસારથી થાકી, હારીને તેના અભાવનો ઉપાય વિચારે છે. તેથી સંસારના અભાવના ઉપાય માટે નાસ્તિથી સંસારમાં સુખ નથી પણ દુઃખ જ છે તે નક્કી થવું જરૂરી છે.

સંસારમાં રખડતો અજ્ઞાની જીવ અનેક પ્રકારના અનંત દુઃખો ભોગવે છે. સંસારી જીવના દુઃખનો અંત તેના સંસારના અંતથી જ આવી શકે છે. પણ સંસાર અને તેના દુઃખનો અંત આણવા માટે સંસાર સર્વપ્રકારે દુઃખમય છે તે નક્કી થવું જરૂરી છે. તેમ જ સંસારથી વિરુદ્ધ મોક્ષમાં જ સુખ છે તે પણ નક્કી થવું જરૂરી છે. નાસ્તિથી સંસારમાં ક્યાંય સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં જ સુખ છે તે નક્કી થાય તો જ આ જીવ સંસારને ટાળવાનો અને મોક્ષને મેળવવાનો ઉપાય કરી શકે.

કોઈપણ બાબતની સમજણ નાસ્તિ અને અસ્તિપૂર્વક હોય તો જ તેની દઢતા થાય છે. તેથી જૈન દર્શનમાં કોઈપણ બાબતની સમજૂતી નાસ્તિ અને અસ્તિપૂર્વક આપવાની પદ્ધતિ છે. લૌકિકમાં પણ કોઈ ચીજની ખરીદી કરતી સમયે આપણે નાસ્તિ અને અસ્તિપૂર્વકની સમજણ મેળવીએ છીએ. આ ચીજ નકલી છે અને આ અસલી છે, આ બિનઉપયોગી છે અને આ ઉપયોગી છે, આ તકલાદી છે અને આ ટકાઉ છે તેમ નાસ્તિ અને અસ્તિની બન્ને બાજુની તપાસ કરીને જે ચીજ સારી હોય તેની પસંદગી કરીએ છીએ. પારમાર્થિક સુખની પસંદગી કરવામાં પણ આપણે નાસ્તિ અને અસ્તિપૂર્વકની સમજણ મેળવવી જરૂરી છે. આ માટે સંસારમાં સુખ નથી એમ નાસ્તિથી અને મોક્ષમાં જ સુખ છે તેમ અસ્તિથી નક્કી કરવું જરૂરી છે.




નાસ્તિથી સંસારમાં સુખ નથી તેવી સમજણની સાથે અસ્તિથી મોક્ષમાં જ સુખ છે તે સમજવું પણ જરૂરી છે. કેમ કે, જો મોક્ષમાં સુખ જ ન હોય તો મોક્ષ માટેનો ઉપાય કેમ બને ? ન જ બને.તેથી મોક્ષમાં જ સુખ છે તેવો વિશ્વાસ આવ્યા વિના તેની પ્રાપ્તિનો ઉપાય સંભવી શકતો નથી.

અજ્ઞાની જીવને મોક્ષના સુખની ઓળખાણ કે અનુભવ નથી. અજ્ઞાની જીવ મોક્ષ અને મોક્ષના માર્ગને દુઃખદાયક માને છે. તે એમ માને છે કે મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું ઘણું દુષ્કર છે. વળી સમ્યગ્દર્શન પછી શ્રાવકદશા અને મુનિદશામાં પણ ઘણું કષ્ટ સહન કરવું પડે છે. ભૂખ્યા-તરસ્યા રહેવું પડે. ઉપસર્ગ-પરિષહ સહન કરવા પડે. આ રીતે તે મોક્ષમાર્ગને દુઃખદાયક માને છે. અજ્ઞાની જીવ હરવા-ફરવા અને ખાવા-પીવા જેવી સાંસારિક બાબતોને જ સુખ સમજે છે. તેને એમ થાય કે મોક્ષમાં તો માથાભેર 'લોટાગ્રે લટકી જવાનું છે. ત્યાં કાંઈ હરવા-ફરવા કે ખાવા-પીવાનું નથી. વળી ત્યાં ન ગમે તો ત્યાંથી પાછું પરત આવી શકાતું નથી. તો પછી મોક્ષમાં સુખ કઈ રીતે હશે ?



વાસ્તવમાં મોક્ષમાર્ગ કે મોક્ષ દુઃખદાયક હોતો નથી. જગતના જીવો સુખને ઈચ્છે છે તો તે સુખ ક્યાંક હોવું જોઈએ અને તે સુખ પોતાના સ્વભાવમાં જ હોય છે. તેથી આત્માની સ્વાભાવિક દશા એવા મોક્ષ અને મોક્ષમાર્ગમાં સુખ જ છે તે નક્કી કરી શકાય છે.

જ્ઞાન અને સુખ અભિન્ન હોય છે. તેથી જેમાં જ્ઞાન હોય તેમાં સુખ પણ હોય છે. આત્મામાં જ્ઞાન છે તો તેનામાં સુખ પણ છે. આત્માનું ઈન્દ્રિયજ્ઞાન અત્યંત આકુળ છે. તેથી તેની સાથે સંકળાયેલ ઈન્દ્રિયસુખ પણ અત્યંત આકુળ છે. આકુળતા એ દુઃખનું જ લક્ષણ હોવાથી પરમાર્થે સંસારીજીવનું ઈન્દ્રિયસુખ પણ દુઃખરૂપ જ છે. ઈન્દ્રિયજ્ઞાનથી વિરુદ્ધ અતીન્દ્રિયજ્ઞાન અત્યંત નિરાકુળ છે. તેથી તેની સાથે સંકળાયેલ અતીન્દ્રિયસુખ પણ નિરાકુળ છે. તેથી મોક્ષમાર્ગ અને મોક્ષદશાનું અતીન્દ્રિય સુખ જ સાચું સુખ છે.

જે દુઃખી હોય તે જ સુખી થઇ શકે છે. સંસાર અવસ્થામાં આત્મા દુઃખી છે તો તે જ આત્મા મોક્ષ અવસ્થામાં સુખી થઈ શકે છે. દુઃખ એ આત્માના સુખગુણની અશુદ્ધ કે વિભાવ દશા છે. જે સંસાર અવસ્થાના કારણે છે. સુખગુણની શુદ્ધ કે સ્વાભાવિક દશા મોક્ષ અવસ્થામાં હોય છે. તેથી મોક્ષમાં જ આત્માનું સ્વાભાવિક સાચું સુખ સંભવે છે.

મોક્ષદશાનું સુખ અદ્‌ભુત અને આહ્‌લાદક છે. જેને આવું સુખ પ્રગટ છે તેવા જ્ઞાની ધર્માત્મા પણ દુર્લભ છે. આ સુખ માત્ર અનુભવગોચર છે અને વચનગોચર નથી. તેથી જ્ઞાની ધર્માત્મા પણ પોતાના આ સુખનું વર્ણન શબ્દોમાં કરી શકતા નથી, માત્ર તેનો અછડતો ઉલ્લેખ કે ઈશારા જ કરી શકે છે. વળી અનાદિ અજ્ઞાની જીવને આ સુખની કોઈ ગંધ પણ નથી તો તેના પ્રત્યક્ષ અનુભવની તો વાત જ ક્યાં કરવી ? તેથી અજ્ઞાની માટે આ સુખનો પ્રત્યક્ષ પ્રમાણથી નિર્ણય શક્ય નથી તોપણ તેનો નિર્ણય આગમ, યુક્તિ, વિરોધીની ઉપસ્થિતિ, ન્યાય અને અનુમાન જેવા પરોક્ષ પ્રમાણથી થઈ શકે છે. તે આ રીતે—

**આગમ :** ભગવાનની દિવ્યવાણી અનુસાર રચાયેલ જિનાગમમાં ઠેરઠેર સંસારમાં ક્યાંય સુખ નથી અને માત્ર મોક્ષમાં જ સુખ છે તેમ જણાવાયેલું છે. આગમમાં જણાવ્યા મુજબ આત્મા સ્વયંમેવ સુખસ્વભાવી છે. જે જેમાં હોય તે તેમાંથી મળે. આત્મામાં જ સુખ હોવાથી આત્માની શુદ્ધદશા એવો મોક્ષમાર્ગ અને મોક્ષ સુખરૂપ છે.




**યુક્તિ :** મોક્ષમાર્ગી મહાત્માનું સુખ અતીન્દ્રિય હોવાથી તે આપણી ઈન્દ્રિયો વડે જાણી શકાતું નથી. પણ તે સુખ સાથે સંબંધિત તેમની ચેષ્ટા, મુખમુદ્રા, ઉપશમભાવ વગેરેના આધારે તેમને અંદરમાં આત્માનું અતીન્દ્રિય સુખ છે તેમ યુક્તિથી નક્કી થઈ શકે છે.




**વિરોધીની ઉપસ્થિતિ :** આ જગતમાં દરેક બાબતની વિરોધી બાબત પણ અવશ્ય હોય છે. જગતમાં અંધારું છે તો અજવાળું પણ છે. અજ્ઞાન છે તો જ્ઞાન પણ છે. વિરોધી પક્ષ છે તો સત્તાધારી પક્ષ પણ છે. તેમ આ જગતમાં દુઃખ છે તો સુખ પણ છે. જો સુખ જ ન હોય તો દુઃખને પણ દુઃખ કેમ કહેવાય ? તેથી નક્કી થાય છે કે આ જગતમાં ક્યાંક સુખ હોવું જોઈએ. સંસાર અને તેનું સ્વરૂપ દુઃખમય છે. સંસારના આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ દુઃખોનો દરેકને પ્રત્યક્ષ અનુભવ છે. આ સંસારમાં દુઃખ છે તો સંસારદશાથી વિરુદ્ધ મોક્ષદશામાં અવશ્ય સુખ હોવું જોઈએ. વર્તમાનમાં મોક્ષ નથી પણ મોક્ષમાર્ગ છે. તેથી મોક્ષમાર્ગી મહાત્મા આવું અનાકુળ સુખ અનુભવે છે તે બાબત વિરોધીની ઉપસ્થિતિથી નક્કી કરી શકાય છે.



**ન્યાય :** સંસારનું કહેવાતું સુખ પરાધીન, બાધાવાળું, ખંડિત, વિષમ અને કર્મબંધનું કારણ છે તેથી તે પરમાર્થે દુઃખરૂપ છે. સંસારના કહેવાતા સુખથી વિપરીત મોક્ષનું સુખ સ્વાધીન, અવ્યાબાધ, અખંડિત, સમ અને કર્મની નિર્જરાનું કારણ છે. તેથી તે પરમાર્થે સુખરૂપ છે. આ રીતે મોક્ષમાં જ સાચું સુખ છે. તેમ ન્યાયથી નક્કી થઈ શકે છે.



**અનુમાન :** દુઃખનું લક્ષણ આકુળતા છે અને સુખનું લક્ષણ નિરાકુળતા છે. આકુળતાનું સ્વરૂપ ઉપયોગની અસ્થિરતા કે ચંચળતા છે. સંસારી જીવને ઉપયોગની તીવ્ર અસ્થિરતા સમયે તીવ્ર દુઃખ અને મંદ અસ્થિરતા સમયે મંદ દુઃખ હોય છે. ઉપયોગની અસ્થિરતાનો અભાવ થતાં આકુળતા અને દુઃખનો પણ અભાવ થાય છે. અને આત્માનું નિરાકુળ આત્મિક સુખ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની જીવને અસ્થિરતા કે ચંચળતાનો તદ્દન અભાવ હોતો નથી. અને તેથી આકુળતા કે દુઃખનો પણ અભાવ હોતો નથી. સંસારથી વિરુદ્ધ મોક્ષદશામાં ઉપયોગની સંપૂર્ણ સ્થિરતા અને તેને કારણે સંપૂર્ણ નિરાકુળતા અને સુખ હોય છે તેમ અનુમાનથી નક્કી થાય છે.



અજ્ઞાની જીવ સુખને ઈચ્છે છે પણ સુખના કારણોને ગ્રહણ કરતો નથી. દુઃખથી ડરે છે પણ દુઃખના કારણોને છોડતો નથી. કેમકે, તેને નાસ્તિથી સંસારમાં સુખ નથી પણ દુઃખ જ છે અને અસ્તિથી મોક્ષમાં જ સુખ છે તેવી સાચી સમજણ નથી. સંસાર અને મોક્ષ એ એકબીજાથી તદ્દન વિપરીત આત્માની અવસ્થા છે. તેથી જો સંસારમાં સુખ હોય તો મોક્ષમાં સુખ હોય જ નહિ. અને જો મોક્ષમાં સુખ હોય તો સંસારમાં ક્યાંય પણ સુખ હોય નહિ. સાચા પારમાર્થિક સુખની પ્રાપ્તિ માટે નાસ્તિથી સંસારમાં સુખ નથી અને મોક્ષમાં સુખ છે તે સમજણ અત્યંત આવશ્યક અને અનિવાર્ય છે. અને તે માટે આ પુસ્તકના વિષય સંસારદુઃખ અને મોક્ષસુખની સર્વગ્રાહી સમજણનું પ્રયોજન છે.

## ૧. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું

# પ્રયોજન

### ૧.૧. અનાદિનું દુઃખ ટળે અને સાચા સુખની પ્રાપ્તિ થાય

**ये त्रिभुवन में जीव अनंत, सुख चाहे दुःख से भयवंत ।**
**तातें दुःखहारी सुखकार, कहे सीख गुरु करुणा धार ॥**


ભાવાર્થ : ત્રણ લોકમાં રહેલ અનંત જીવો સુખને ઈચ્છે છે અને દુઃખથી ડરે છે. તેથી શ્રી ગુરુ કરૂણા કરીને દુઃખના નાશનો અને સુખ મેળવવાનો ઉપદેશ આપે છે.( છ ઢાળા : ઢાળ ૧, ગાથા ૧)



સઘળાં સંસારી જીવોનું એકમાત્ર પ્રયોજન દુઃખ ટાળવાનું અને સુખ મેળવવાનું છે. પ્રત્યેક સંસારી અજ્ઞાની પ્રાણી સુખને ઇચ્છે છે તે જ દર્શાવે છે કે તેઓ દુઃખી છે. કેમ કે, જે સુખી હોય તે સુખને ન ઇચ્છે પણ જે દુઃખી હોય તે જ સુખને ઇચ્છે.તેથી સંસારી અજ્ઞાની પ્રત્યેક પ્રાણી દુઃખી છે. તેથી તેઓ પોતાનું દુઃખ મટાડવા અને સુખ મેળવવા નિરંતર પ્રયત્ન કરે છે.

દરેક મનુષ્યોની ચોવીસેય કલાકની પ્રત્યેક પ્રવૃત્તિ સુખ માટેની જ હોય છે. જે મનુષ્ય દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ જેવા સદાચાર સેવે છે તો તે સુખ માટે જ હોય છે. કોઇ હિંસા, જૂઠ, ચોરી, પરસ્રીગમન જેવા દુરાચાર આદરે છે તેય સુખ માટે જ હોય છે. અરે ! કોઇ તો ત્રાસવાદ ફેલાવી આતંક આચરે તોપણ તે તેની માન્યતા અનુસારનું સુખ જ હોય છે.આ રીતે પ્રત્યેક પ્રાણી પોતાની માન્યતા અનુસારનું સુખ મેળવવા સતત ઉદ્યમશીલ હોય છે.

આ જગતના અનેક પ્રકારના અજ્ઞાની જીવોની સુખ વિષેની મિથ્યા માન્યતાઓ પણ અનેક પ્રકારની છે. મોટા ભાગના જીવો તો સાનુકૂળતા, સગવડતા, સત્તા અને સંપત્તિને જ સુખ માને છે. પરંતુ સંસારની સઘળી સંપત્તિઓ સામે પણ સાચું સુખ ખરીદી શકાતું નથી. કોઇ ઇચ્છાનુસારના ભોગવટાને સુખ સમજે છે. પણ ઇચ્છિત ક્યારેય ભોગવી શકાતું નથી. કોઇ માન-મરતબાને સુખ તરીકે ઓળખાવે છે. પણ પરાધીન હોય તે સુખ જ ન હોય. કોઇ સુખને મનની સ્થિતિ મનાવે છે.પણ આત્મિક સુખ અતીન્દ્રિય હોવાથી મન કે ઇન્દ્રિયોની પેલે પાર છે. કોઇ સુખને કાલ્પનિક પણ કહે છે. સાંસારિક કહેવાતું સુખ કાલ્પનિક છે, પરંતુ પારમાર્થિક સુખ વાસ્તવિક છે.કેટલાક કહેવાતા મહાત્માઓ સુખને એક સાપેક્ષ બાબત જણાવે છે. એટલે કે પોતાનાથી વધુ દરિદ્રીની અપેક્ષાએ પોતે સુખી છે. પરંતુ સાચું સુખ ક્યારેય સાપેક્ષ હોતું નથી પણ નિરપેક્ષ જ હોય છે.



જેમ રેતીમાંથી તેલ નીકળતું નથી તેમ સંસારમાંથી સુખ આવતું નથી. જેનામાં જે હોય તેમાંથી તેની પ્રાપ્તિ થાય. સુખ પોતાના સ્વભાવમાં જ છે. આત્મા સ્વયમેવ સુખ સ્વભાવી છે. તેથી પોતામાંથી જ પોતાનું સુખ મળે છે પણ બહારમાંથી આવતું નથી. ભ્રાંતિથી પોતે બહારમાં સુખ માની બહારમાં ભટકે છે. પણ તેથી બહારમાંથી કોઈ સુખ આવતું નથી. જેમ કસ્તુરી મૃગની પોતાની ડૂંટીમાં જ સુગંધી છે પણ તેને ખબર નથી. અને તેને કારણે તે જ સુગંધી મેળવવા પવનની દિશામાં દોટ મૂકે છે. પણ બહારમાંથી તે સુગંધી આવતી નથી અને પોતે પોતાની અંદરની સુગંધી ખોઈ બેસે છે. તેમ આ સુખ સ્વભાવી જીવની પોતાની અંદરમાં જ સુખ છે. પણ તેને તેની ખબર નથી અને તેને કારણે તે તે જ સુખ મેળવવા માટે બહારના વિષયોમાં ઝાંવા નાંખે છે. પણ બહારમાંથી સુખ આવતું નથી અને પોતે પોતાની અંદરનું સુખ ખોઈ બેસે છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે બહારમાંથી પોતામાં કાંઈ આવી શકતું નથી. બહારના વિષયોમાં સુખ છે જ નહિ અને હોય તોપણ તે મેળવી શકાય નહિ. તેમ છતાં આ જીવ અનાદિકાળથી પોતાના સુખની શોધ બહારમાં જ કર્યા કરે છે. ધન-સંપત્તિથી સુખ મળે, વિષયોમાંથી સુખ મળે, સગાસબંધી સુખ આપે એમ બહારની સાંસારિક બાબતોમાંથી જ સુખની માંગણી કર્યા કરે છે. પણ તેમાં ક્યાંયથી સુખ મળતું નથી. તેથી આ જીવે સંસારમાં સુખ નથી અને મોક્ષમાં જ સુખ છે તેમ નક્કી કરવું જરૂરી છે.

આ જીવ જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે સઘળી સુખી થવા માટે જ હોય છે. પરંતુ આ બધી પ્રવૃતિઓ સાંસારિક હોય છે તેથી એમ જણાય છે કે આ જીવે સંસારમાં

જ ક્યાંક સુખ માન્યું છે. જો કે, કથનમાં તો સૌ એમ જ કહે છે કે સંસારમાં સુખ નથી અને મોક્ષમાં જ સુખ છે. પણ ભાઈ ! જો સંસારમાં સુખ નથી તો પછી શા માટે સાંસારિક પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહો છો ? અને જો મોક્ષમાં જ સુખ હોય તો તે મેળવવાનો ઉપાય કેમ કરતા નથી ? તેથી એમ જણાય છે કે અજ્ઞાની જીવ સંસારમાં સુખ નથી તેમ જે કહે છે તે માત્ર કહેવા પૂરતું છે. તેના હૃદયમાં તો એમ જ છે કે સંસારના વિષયભોગો સુખરૂપ છે અને લોકમાં પણ તેને સુખ કહેવાની પદ્ધતિ છે. દુઃખ હોવા છતાં ભ્રાંતિથી સુખનો આભાસ ઉત્પન્ન કરતાં હોવાથી અપારમાર્થિક રૂઢિથી તેને સુખ કહેવાની પદ્ધતિ છે. વાસ્તવમાં તે કોઈ સુખ જ નથી. મોક્ષમાંય સુખ અને સંસારમાંય સુખ કે અતીન્દ્રિય સુખ અને ઈન્દ્રિય સુખ કે પારમાર્થિક સુખ અને લૌકિક સુખ એવા કોઈ બે પ્રકારે સુખ હોતા જ નથી. સુખ આત્માનો સ્વભાવ છે, સ્વાભાવિક શુદ્ધ અવસ્થા છે. તેથી તે એક જ પ્રકારે સંભવે છે. આવું સુખ માત્ર મોક્ષ અને મોક્ષમાર્ગમાં જ છે. તે સુખ મોક્ષમાં પૂર્ણપણે અને મોક્ષમાર્ગમાં આંશિકપણે છે. આ જીવ પોતાના દુઃખને પણ સુખ માને તે એક મહાન વિચિત્રતા છે. આથી અનાદિનું દુઃખ ટાળવા અને અનંત સુખ મેળવવા માટે સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન છે.

સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન દર્શાવ્યા પછી તેનું ફળ દર્શાવવામાં આવે છે. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાના લાભ, ફાયદા કે પરિણામને તેનું ફળ કહે છે. જે આ પ્રમાણે છે—

૧. ભવ્યપણાની પ્રગટતા

૨. આત્મહિતની યોગ્યતા

૩. અનાદિનું સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું પ્રગટે

૪. સંસારસંબંધી અવળો પુરુષાર્થ ટળી મોક્ષસંબંધી સવળો પુરુષાર્થ પ્રવર્તે

૫. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ અને તેથી બીજા મિથ્યાત્વ મટી શકે

## ૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ

### ૨.૧. ભવ્યપણાંની પ્રગટતા

**સૂણી ઘાતિકર્મ વિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે.**

ભાવાર્થ : ઘાતિકર્મોના અભાવથી ઉત્પન્ન થતું આત્મિક સુખ જ સત્ય અને સર્વોત્કૃષ્ટ છે. આ બાબતની શ્રદ્ધા કરી સ્વીકાર કરનારા જીવો ભવ્ય છે અને તેની શ્રદ્ધા કે સ્વીકાર ન કરનારા જીવો અભવ્ય છે.

( પ્રવચનસાર : ગાથા ૬૨ )



સંસારી જીવો પૈકી જેઓ મોક્ષપ્રાપ્તિની યોગ્યતા ધરાવે છે તેઓ ભવ્ય છે. અને જેઓ મોક્ષપ્રાપ્તિની યોગ્યતા ધરાવતા નથી તેઓ અભવ્ય છે. કોઈ મનુષ્યના કપાળ ઉપર તે ભવ્ય છે કે અભવ્ય તેવો નામનિર્દેશ હોતો નથી તો તેની ઓળખાણ કઈ રીતે થાય ? આવી ઓળખાણ માટેનો એકમાત્ર ઉપાય છે કે જેઓ મોક્ષ કે મોક્ષમાર્ગના સુખને જ સાચા સુખ તરીકે શ્રદ્ધે કે સ્વીકારે છે તેઓ ભવ્ય છે અને આવી શ્રદ્ધા કે સ્વીકાર ન કરી શકનારા અભવ્ય છે. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાથી સંસારમાં ક્યાંય સુખ નથી તેમ જ મોક્ષ અને મોક્ષમાર્ગમાં જ સુખ છે તે બાબત સમજાય છે. આવી સમજણ જ ભવ્યપણાની નિશાની છે. આવી સમજણ આજે કરનારા નિકટભવ્ય છે, પછીથી કરનારા દૂરભવ્ય છે અને ક્યારેય ન કરનારા અભવ્ય છે.

જે જીવો પારમાર્થિક તત્ત્વની વાત રસપૂર્વક સાંભળે છે કે આવી બાબતના સત્ સાહિત્યને હૃદયના ભાવથી વાંચે છે તેઓ ભવ્ય જ હોય છે. પણ ભવ્ય હોવા છતાં તે ભવ્યપણાની પ્રગટતા માટે સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ અતિ આવશ્યક છે. આવી સમજણ આજે કરનારા નિકટભવ્ય છે અને પછી કરનારા દૂરભવ્ય છે.

પારમાર્થિક પંથમાં પ્રવેશ માટે ભવ્યપણું એ સૌ પ્રથમ પ્રાથમિક બાબત છે. તેથી ભવ્ય હોવા છતાં ભવ્યપણાંની

પ્રગટતા માટે આ પુસ્તકના વિષય સંસારદુઃખ અને મોક્ષસુખની સર્વાંગીણ સમજણ સૌ પ્રથમ કર્તવ્ય છે.અને આ સમજણનું સૌ પ્રથમ ફળ ભવ્યપણાંની પ્રગટતા છે.

## ૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ

## ૨.૨. આત્મહિતની યોગ્યતા

***આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની યોગ્યતા રોકાઈ જાય છે.***

(શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૨૪મું: પત્રાંક ૨૫૪; પાનુ ૨૮૯)

શ્રીમદ્ રાજચંદ્રના ઉપરોક્ત કથન અનુસાર આ સંસારમાં ઊંડે ઊંડે ક્યાંક અલ્પ પણ સુખબુદ્ધિ હોય તો તે આત્મહિતને જ નહિ પણ આત્મહિતની યોગ્યતાને જ અટકાવનારી છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પણ સંસારના ખરેખરા થાક અને ત્રાસને જ આત્મહિતની યોગ્યતા માટે જરૂરી જણાવી આ જ બાબતનું સમર્થન કરે છે.

पात्रम् आयाति संपद् । એ સૂત્ર અનુસાર પાત્રતામાં સઘળી સંપદાઓ આવી મળે છે. જે તે બાબત માટે જરૂરી લાયકાત કે માપદંડને પાત્રતા કે યોગ્યતા કહે છે. આવી યોગ્યતા હોય તો તેને યોગ્ય સઘળી સંપદાઓ આપમેળે આવી મળે છે. જેમ કે, લૌકિકમાં કોઇ ઉચ્ચ પદ માટે અમુક પ્રકારની યોગ્યતા જરૂરી હોય છે. આવી યોગ્યતા હોય તો તે પદ તેને સહજ સાંપડે છે. તેમ પારમાર્થિક આત્મહિત માટે પણ અમુક પ્રકારની યોગ્યતા જરૂરી હોય છે. આવી યોગ્યતા ધરાવનારને આત્મહિતની પ્રાપ્તિ સહજ થાય છે.

સિંહણના દૂધ માટે સોનાનું પાત્ર જરૂરી છે, ઉત્તમ ધાન્ય માટે ઉત્તમ ભૂમિ જરૂરી છે, તેમ આત્મહિતની યોગ્યતા માટે પણ સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ જરૂરી છે.

સામાન્ય રીતે વિષયોથી વિરક્તતા, કષાયોની ઉપશાંતતા, પરિગ્રહોનું પરિમાણ જેવી બાબતોને આત્મહિતની યોગ્યતા તરીકે ઓળખવામાં આવે છે. અભક્ષ્યનો ત્યાગ જેવા જૈનાચાર અને અન્ય સદાચારને પણ આત્મહિતની યોગ્યતાનું ઉત્પાદક માનવામાં આવે છે.પણ આ બધું વ્યવહારથી છે. નિશ્ચયથી તો આત્માનું લક્ષ અને યથાર્થ રુચિ જ આત્મહિતની યોગ્યતાનું કારણ છે.આત્માનું લક્ષ અને યથાર્થ રુચિ માટે સંસાર પ્રત્યેનો વૈરાગ્ય એટલે કે નિર્વેદ અને માત્ર મોક્ષની અભિલાષા એટલે કે સંવેગ જરૂરી છે. નિર્વેદ અને સંવેગને આત્મહિતના સાધન કહેવામાં આવે છે.આ નિર્વેદ અને સંવેગ જ સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણનું અન્ય સ્વરૂપ છે. સંસારમાં ક્યાંય સુખ નથી અને મોક્ષમાર્ગ કે મોક્ષમાં જ સુખ છે એવી સમજણ વગર આત્મહિત તો દૂર રહો પણ આત્મહિતની યોગ્યતા પણ હોતી નથી. ભવ્ય જીવમાં ભવ્યપણાની પ્રગટતા પછી આત્મહિતની યોગ્યતા માટે પણ સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ આવશ્યક છે. આ રીતે સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણનું ફળ આત્મહિતની યોગ્યતા છે તે સમજી શકાય છે.



## ૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ

## ૨.૩. સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું પ્રગટે

(સવૈયા એકત્રીસા)

जगत के निवासी जग ही में रति मानत हैं,
मोख के निवासी मौख ही में ठहराये हैं।
जग के निवासी काल पाय मौख पावत हैं,
मोख के निवासी कभी जग में न आये है॥

एतौ जगवासी दुःखवासी सुखरासी नांहि,
वे तौ सुखरासी जिनवानी में बताये है।
तातैं जगतवास तैं उदास होइ चिदानंद,
रत्नत्रयपंथ चलै तेइ सुखी गाये है॥

**ભાવાર્થ :** સંસારમાં વસેલો જીવ સંસારમાં જ સુખ માને છે અને મોક્ષમાં વસેલો જીવ મોક્ષમાં જ સુખ માને છે. સંસારમાં વસેલો જીવ ક્યારેક કાળ પામીને મોક્ષને પ્રાપ્ત કરે છે.પણ મોક્ષમાં વસેલો જીવ ક્યારેય સંસારમાં પાછો આવતો નથી. તેથી એમ જણાય છે કે સંસારમાં વસેલા જીવો દુઃખી જ છે અને સુખી નથી. સુખી તો જિનવાણીમાં જણાવ્યા મુજબ મોક્ષગામી જીવો જ છે. તેથી આ સંસારવાસથી ઉદાસીન થઈ જે ચૈતન્યસ્વરૂપ આત્મા રત્નત્રયનાં મોક્ષમાર્ગે ગમન કરે છે તે જ સુખી થાય છે. (પં. ધાનતરાયકૃત ધાનતવિલાસ : પદ્ય ૭૩)

આ જીવનું પ્રયોજન સુખનું જ છે.

જેને જેમાં સુખ જણાય તે તેમાં વસે છે. અનાદિ અજ્ઞાની સંસારી જીવને સંસારમાં જ સુખ ભાસે છે. તેથી તે સંસારમાં જ વસે છે. સંસાર છોડીને મોક્ષમાં વસેલા મહાત્માઓને મોક્ષમાં જ સુખ ભાસે છે. તેથી તે મોક્ષમાં જ વસે છે. સંસારી જીવ ક્યારેય સાચી સમજણ પામી સંસારને છોડીને મોક્ષમાં આવે છે પણ મોક્ષમાં ગયેલા મહાત્મા મોક્ષને છોડીને ફરી પાછા સંસારમાં ક્યારેય આવતા નથી. તેથી એમ જણાય છે કે આત્માનું સાચું સુખ મોક્ષમાં જ છે અને સંસારમાં નથી. આ જીવને મોક્ષમાં સુખ જણાય તો જ તે મોક્ષમાર્ગી બને છે.

જેને જેમાં સુખ ભાસે તે જ તેનો અર્થી બને છે. વેપારમાં સુખ માનનારો વેપારી હોય છે. વિદ્યામાં સુખ માનનારો વિદ્યાર્થી બને છે. ખેલમાં સુખ માનનારો ખેલાડી થઈ શકે છે. માનમાં સુખ માનનારો માનાર્થી થાય છે. તેમ મોક્ષમાં જ સુખ માનનારો મોક્ષાર્થી બને છે. મોક્ષાર્થી મોક્ષની ઇચ્છા રાખનારો હોવાથી મુમુક્ષુ છે તેમ જ આત્મિક સુખનું પ્રયોજન રાખનાર હોવાથી આત્માર્થી પણ છે.

આત્માર્થી કે મોક્ષાર્થી સિવાય બીજી કોઈપણ બાહ્ય બાબતનો અર્થી સંસારાર્થી છે. જે સંસારાર્થી છે તે મોક્ષાર્થી નથી અને જે મોક્ષાર્થી છે તે સંસારાર્થી નથી. સંસાર અને મોક્ષ એ એકબીજાથી તદ્દન વિપરીત હોવાથી સંસારાર્થીપણું અને મોક્ષાર્થીપણું એક સાથે સંભવતું નથી. સંસારને બદલે મોક્ષનું જ પ્રયોજન રાખનારો અને મોક્ષમાં જ સુખ માનનારો જીવ મોક્ષાર્થી હોય છે.

આ સંસારમાં અનાદિકાળથી અજ્ઞાની આત્મા અનેક પ્રકારના અનંત અનંત દુઃખો ભોગવતો આવ્યો છે. સંસાર સર્વપ્રકારે દુઃખરૂપ હોવા છતાં તેમાં જ તેને ક્યાંક સુખ ભાસ્યું છે. સંસારની પ્રતિકૂળતા તો દરેકને દુઃખરૂપ ભાસે જ છે અને તે દુઃખ જ છે. પણ અનુકૂળતામાંય દુઃખ ભાસે તો જ તે સંસાર દુઃખરૂપ છે તેમ કહેવાય. અને તો જ તેને સંસારનો ખરેખરો ત્રાસ અને થાક લાગ્યો કહેવાય. આ રીતે સંસાર દુઃખરૂપ જણાવાથી સંસારાર્થીપણું ટળે અને સંસારના અભાવનો ઉપાય બને. સંસારાર્થી જીવે સંસારના કહેવાતા સઘળાં સુખનો અનુભવ કર્યો છે પણ આત્મિક અતીન્દ્રિય સુખનો ભોગવટો ક્યારેય કર્યો નથી. આવું સુખ મોક્ષ અને મોક્ષમાર્ગમાં છે. આ સુખની સાચી સમજણ આવે તો જ આ જીવ સંસારાર્થી મટી મોક્ષાર્થી બને. મોક્ષાર્થી જીવને મોક્ષ અને તેના સુખની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. પરંતુ આ માટે સંસારમાં દુઃખ જ છે અને આત્માનું સાચું સુખ મોક્ષમાં જ છે તેની સમજણ જરૂરી છે. તેથી સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ હોય તો જ આ જીવનું અનાદિ સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું બને.



ઉપર મુજબ આ પુસ્તકના વિષય સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણનું ફળ અનાદિનું સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું પ્રગટે તે છે.

## ૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ

### ૧.૪. સંસારસંબંધી અવળો પુરુષાર્થ ટળી મોક્ષસંબંધી સવળો પુરુષાર્થ પ્રવર્તે

(શાર્દૂલવિક્રિડિત)

पुंसो अर्थेषु चतुर्षु निश्चलतरो, मोक्षः परं सत्सुखः।
शेषाः तद विपरीतधर्मकलिता, हेया मुमुक्षोरतः॥

**ભાવાર્થ :** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થમાં કેવળ મોક્ષનો જ પુરુષાર્થ [2]**સમીચીન** સુખ યુક્ત હોઈને [3]**ઉપાદેય** છે. બાકીના ત્રણ પુરુષાર્થ વિપરીત સ્વભાવવાળા હોવાથી છોડવા યોગ્ય છે. (પદ્મનંદીપંચવિંશતિ :અ.૭, શ્લોક ૨૫ નો પૂર્વાર્ધ)

પુરુષાર્થ શબ્દ **પુરુષ** અને **અર્થ** એવા બે શબ્દોનો બનેલો છે. पुरु सेते इति पुरुष એ [4]*વ્યુત્પત્તિ* અનુસાર પુરુ એટલે ઉત્તમ ચેતનાગુણમાં સેતે એટલે કે સ્વામી થઈને પ્રવર્તે તેને પુરુષ કહે છે. આત્મા એ ઉત્તમ ચેતના ગુણનો સ્વામી હોવાથી આત્માને પુરુષ કહે છે. अर्थः प्रयोजनम् એ વ્યુત્પત્તિ અનુસાર અર્થ એટલે પ્રયોજન છે. આ રીતે પુરુષ એટલે આત્મા અને અર્થ એટલે પ્રયોજન હોવાને કારણે પુરુષાર્થ એટલે આત્માનું પ્રયોજન છે. પુરુષાર્થ એટલે કે આત્માનું પ્રયોજન ચાર પ્રકારે છે—

૧. ધર્મ, ૨. અર્થ, ૩ કામ અને

૪. મોક્ષ. આ ચારેયનું સ્વરૂપ નીચે મુજબ છે.


૧. ધર્મ : અહીં ધર્મ એટલે સદાચરણ છે. તે એક શુભભાવ કે પુણ્યભાવ છે. તે રાગ અને બંધનું કારણ હોવાથી સંસારનું જ સ્વરૂપ છે.

૨. અર્થ : અહીં અર્થ એટલે ધનોપાર્જન છે. તે એક અશુભભાવ કે પાપભાવ છે તે રાગ અને બંધનું કારણ હોવાથી સંસારનું જ સ્વરૂપ છે.

૩. કામ : અહી કામ એટલે વિષયભોગ છે. તે પણ એક અશુભભાવ કે પાપભાવ છે. તે પણ રાગ અને બંધનું જ કારણ હોવાથી સંસારનું જ સ્વરૂપ છે.

૪. મોક્ષ : અહીં મોક્ષ એટલે મુક્તિ છે. તે એક શુદ્ધભાવ છે. તે વીતરાગતા અને મુક્તિનું કારણ હોવાથી મોક્ષનું જ સ્વરૂપ છે.

ઉપરોક્ત પૈકી પ્રથમ ત્રણ— ધર્મ, અર્થ અને કામ એ સંસારનું જ સ્વરૂપ હોવાથી તે સંસારસંબંધી પુરુષાર્થ છે. આ ત્રણેય એકબીજા સાથે સંબંધિત અને અવિનાભાવી છે. એટલે કે કોઇ પણ એક હોય ત્યાં બાકીના બે પણ હોય જ છે. આ ત્રણેય પુરુષાર્થ સમાનપણે સંસારનું જ સ્વરૂપ હોવાથી તેને ત્રિવર્ગ કહે છે. અને ચોથા પ્રકારનો મોક્ષ એ ત્રિવર્ગથી તદ્દન અલગ પ્રકારનો અને વિરુદ્ધ એવો સંસારનો અભાવ કરાવનારો પુરુષાર્થ હોવાથી તેને અપવર્ગ કહે છે. તેથી ત્રિવર્ગ અને અપવર્ગ એક સાથે સંભવી શકતા નથી.



પુરુષાર્થ એટલે આત્માનું પ્રયોજન છે. પરંતુ પુરુષાર્થ એટલે કે આત્માના પ્રયોજન કે રુચિ અનુસાર જ આત્માની વીર્યશક્તિ કામ કરતી હોવાથી તે વીર્યશક્તિને પુરુષાર્થ કહેવાની પદ્ધતિ છે. તેથી હવે આપણે પુરુષાર્થને આત્માની વીર્યશક્તિના સંદર્ભમાં જ સમજશું. વીર્યશક્તિ એ આત્માનો ગુણ છે. વીર્યનો અર્થ આત્માનું બળ કે આત્માની ઊર્જા છે. આત્માનું કોઈપણ કાર્ય આત્માના ચૈતન્યવીર્ય એટલે કે પુરુષાર્થના કારણે હોય છે. તે જ રીતે જડપદાર્થનું કાર્ય તેના જડવીર્યના કારણે હોય છે. કોઈપણ કાર્યમાં જે તે પદાર્થની વીર્યશક્તિ જ ઉપાદાન કે નિશ્ચય કારણ હોય છે.



આત્માનું વીર્ય એટલે કે પુરુષાર્થ આત્માની રુચિ કે પ્રયોજન અનુસાર જ પ્રવર્તે છે. અજ્ઞાની જીવને ધર્મ, અર્થ અને કામ સંબંધી ત્રિવર્ગનું જ પ્રયોજન હોવાથી તેનો પુરુષાર્થ સંસારસંબંધી કાર્યોમાં જ પ્રવર્તે છે. જો તેને મોક્ષનું પ્રયોજન હોય તો જ તેનો પુરુષાર્થ મોક્ષસંબંધી અપવર્ગમાં પ્રવર્તી શકે છે. ત્રિવર્ગ અને અપવર્ગ એકબીજાથી તદ્દન વિરોધી છે. તેથી સંસાર અને મોક્ષનું પ્રયોજન એક સાથે સંભવી શકતું નથી. જેને સંસારસંબંધી ત્રિવર્ગનું પ્રયોજન છે તેનો પુરુષાર્થ સમગ્રપણે સંસારમાં જ હોય છે અને મોક્ષસંબંધી અપવર્ગમાં જરાય હોતો નથી. જો તેને સંસારનું બિલકુલ પ્રયોજન ન હોય અને માત્ર મોક્ષનું જ પ્રયોજન હોય તો અને તો જ તેનો પુરુષાર્થ મોક્ષસંબંધી મોક્ષમાર્ગમાં પ્રવર્તી શકે છે. આ કારણે સંસારમાં દુઃખ અને મોક્ષમાં સુખ છે તેમ સમજાય તો જ આ જીવ સંસારસંબંધી પુરુષાર્થને બદલે મોક્ષસંબંધી પુરુષાર્થ કરે.

મોક્ષ સંબંધી મોક્ષમાર્ગ માટેનો પોતાનો પુરુષાર્થ હંમેશા સફળ જ હોય છે અને તે પોતાને જ આધીન હોવાથી સ્વાધીન પણ છે.


**પ્રશ્ન : પોતાનો પુરુષાર્થ સ્વાધીન છે તે કઈ રીતે ?**

**ઉત્તર :** પુરુષાર્થ એ આત્માની વીર્ય નામની શક્તિ કે ગુણ છે. તેથી તે પોતાનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ પોતાને જ આધીન હોય છે. પોતાને આધીન ન હોય તે પોતાનો સ્વભાવ જ કહેવાય નહિ. પુરુષાર્થ પોતાનો સ્વભાવ હોવાથી તેનું પ્રવર્તન પોતાને આધીન હોય છે. વળી દ્રવ્યનું પ્રત્યેક કાર્ય પુરુષાર્થને અનુસરીને જ થતું હોવાથી દ્રવ્ય સ્વાધીન કહેવાય છે. દ્રવ્ય સ્વાધીન છે એટલે ખરેખર પોતાનો પુરુષાર્થ જ સ્વાધીન છે. પોતાનો આ પુરુષાર્થ સ્વાધીન હોવા ઉપરાંત મોક્ષસંબંધી પોતાના કાર્ય માટે તે સફળ જ છે.

**પ્રશ્ન** : પોતાના કાર્ય માટે પોતાનો પુરુષાર્થ સફળ જ છે. તે કઈ રીતે ?

**ઉત્તર** : પુરુષાર્થ એ આત્માનું બળ છે. તેથી પુરુષાર્થને કારણે જ આત્માનું સઘળું કાર્ય થાય છે. આત્માના કોઈપણ કાર્ય માટે આત્માનો પુરુષાર્થ જ તેનું ઉપાદાન કે નિશ્ચય કારણ છે. કારણને અનુસરીને જ કાર્ય હોય છે. તે ન્યાયે પોતાના પુરુષાર્થને અનુસરીને જ પોતાનું કાર્ય હોય છે તેથી પોતાનાં કાર્યનો નિયામક પોતાનો પુરુષાર્થ જ છે.

અનેકાંતસ્વરૂપી વસ્તુનું બંધારણ જ એવું હોય છે કે વસ્તુ પોતાના સ્વભાવથી જ પરિણમે છે. પોતાના સ્વભાવ સાથે કુદરત બંધાયેલી છે. પોતાનો સ્વભાવ એ પોતાનો પુરુષાર્થ છે. તેથી પોતાના કોઈપણ કાર્યમાં પોતાનો પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ જતો નથી. અને તે સફળ જ થાય છે. ખરેખર તો પુરુષાર્થનું સ્વરૂપ જ એવું છે કે તે સફળ જ થાય છે અને નિષ્ફળ થતો નથી.




**પ્રશ્ન** : અમે ધર્મ, અર્થ અને કામનો સંસારસંબંધી ઘણો પુરુષાર્થ કરીએ છીએ પણ તે હંમેશાં સફળ થતો નથી. અને તમે કહો છો કે તે સફળ જ થાય છે. તો તે કઈ રીતે ?

**ઉત્તર** : પોતાનો પુરુષાર્થ પોતામાં જ કામ કરે છે અને પોતા સિવાય બાહ્ય બાબતોમાં તે કામ કરતો નથી. ચૈતન્યસ્વરૂપી આત્માનું કાર્ય આત્માના ચૈતન્ય વીર્યથી થાય છે, કે જેને પુરુષાર્થ પણ કહે છે. આત્મા સિવાયના બાકીના જડ પદાર્થોનું કાર્ય તેના જડ વીર્યથી થાય છે. ધર્મનો પુરુષાર્થ એટલે પુણ્યોપાર્જનનો પ્રયત્ન, અર્થનો પુરુષાર્થ એટલે ધનોપાર્જનનો ઉદ્યમ, કામનો પુરુષાર્થ એટલે ભોગોપાર્જનની ભાવના એ સઘળાં સંસારસંબંધી ત્રિવર્ગના પુરુષાર્થ હોવાથી આત્માથી બાહ્ય પરપદાર્થનું કાર્ય છે. પરપદાર્થના કાર્યમાં પોતાનો પુરુષાર્થ ઉપાદાન કારણ નથી પણ નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ જે તે પરપદાર્થનું પોતાનું જડવીર્ય છે. કાર્યની ઉત્પત્તિમાં નિમિત્તની અનુકૂળ પદાર્થ તરીકેની ઉપસ્થિતિ હોય છે. તોપણ નિમિત્ત એ નિશ્ચય કે નિયામક કારણ નથી અને તેથી તે કાર્યની ઉત્પત્તિમાં 'અકિંચિત્કર' છે. વળી પોતાનો પુરુષાર્થ એ સંસારસંબંધી કાર્યોમાં બહિરંગ નિમિત્ત છે, અંતરંગ નિમિત્ત પણ નથી. અંતરંગ નિમિત્ત પણ તે સમયનો પોતાનો પુણ્યકર્મનો ઉદય છે. તેથી સંસારસંબંધી પરપદાર્થના કાર્યમાં પોતાનો પુરુષાર્થ અકાર્યકારી હોવાથી તેની સફળતા કે નિષ્ફળતાનો સવાલ જ ઉત્પન્ન થતો નથી.

**પ્રશ્ન** : કોઈપણ પુરુષાર્થ કાર્યકારી જ હોવો જોઈએ તો પછી સંસારસંબંધી પુરુષાર્થ અકાર્યકારી શા માટે ?

**ઉત્તર** : સંસારસંબંધી પરપદાર્થના કાર્યોમાં પોતાનો પુરુષાર્થ જ નિમિત્ત થઈ જતો હોવાથી તે અકાર્યકારી છે. કુંભાર ઘડો બનાવવાનો પુરુષાર્થ કરે ત્યારે ઘડાના કાર્યમાં કુંભારનો પુરુષાર્થ ઉપાદાનકારણને બદલેનિમિત્તકારણ બની જાય છે. નિમિત્તકારણને અનુસરીને કાર્ય થતું નથી. તેથી તે કાર્યનું નિયામક નથી. કાર્યનું નિયામક ઉપાદાનકારણ છે. ઘડાના કાર્ય માટે તે માટીનું જડ વીર્ય છે. તેથી કુંભારનો પુરુષાર્થ ઘડારૂપ પરપદાર્થના કાર્ય માટે અકાર્યકારી છે. તોપણ આ પુરુષાર્થ કુંભારના પોતાના આત્મા માટે ઉપાદાનકારણ હોવાથી અકાર્યકારી નથી.

વાસ્તવમાં કોઈપણ પુરુષાર્થ અકાર્યકારી નથી. પણ પરપદાર્થના કાર્યમાં રોકાયેલો પોતાનો પુરુષાર્થ એ અવળો પુરુષાર્થ છે અને તે અવળાં પુરુષાર્થનું ફળ પણ અવળું જ છે. ઘડો બનાવવાનો કુંભારનો પુરુષાર્થ એ અવળો પુરુષાર્થ છે. અવળા પુરુષાર્થથી પોતાના સ્વભાવનો ઘાત છે, અવગુણ અને આકુળતાની ઉત્પત્તિ છે. તેનાથી આઠ પ્રકારના કર્મનું બંધન છે. તેથી તે દુઃખરૂપ છે.

પોતાના જ કાર્યમાં પ્રવર્તતો પોતાનો પુરુષાર્થ એ સવળો પુરુષાર્થ છે અને તે સવળા પુરુષાર્થનું ફળ પણ સવળું જ છે. સવળા પુરુષાર્થથી સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. તેનાથી કર્મની નિર્જરા છે. તેથી તે સુખરૂપ છે.

ઉપર મુજબ સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ સંસારસંબંધી અવળો પુરુષાર્થ ટળી મોક્ષમાર્ગસંબંધી સવળો પુરુષાર્થ પ્રવર્તે તે છે.

## ૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ

### ૨.૫. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ અને તેથી બીજા મિથ્યાત્વ મટી શકે

***न सम्यक्त्वसमं किंचित्, त्रैकाल्ये त्रिजगत्यपि। श्रेयोऽश्रेयश्च मिथ्यात्व, समं नान्यतनूभृताम् ॥***

ભાવાર્થઃ આ દેહધારી સંસારીજીવને ત્રણકાળ ત્રણલોકમાં સમ્યક્ત્વ સિવાય બીજું કોઈ કલ્યાણકારી નથી અને મિથ્યાત્વ સિવાય અન્ય કોઈ અકલ્યાણકારી નથી. (રત્નકરંડ શ્રાવકાચાર : ગાથા ૩૪)

સંસારચક્રની મૂળ ધરી મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જ સઘળાં દોષો અને દુઃખોનું મૂળ કારણ છે. લાખો કરોડો જીવોની હિંસા કરતાંય મિથ્યાત્વનું પાપ મોટું છે. તેથી આ જગતમાં આ જીવને કોઇ અકલ્યાણકારી હોય તો તે એક માત્ર મિથ્યાત્વ જ છે. અને તેની વિરુદ્ધ સમ્યક્ત્વ જ એક માત્રકલ્યાણકારી છે.



મિથ્યા માન્યતા, વિપરીત અભિનિવેશ કે શ્રદ્ધા ગુણની વિકારી દશાને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ બે પ્રકારે છે– અગૃહિત અને ગૃહિત.

અનાદિકાળથી કે પરાપૂર્વથી ચાલી આવતી મિથ્યા માન્યતાઓને અગૃહિત મિથ્યાત્વ કહે છે. આ અગૃહિત મિથ્યાત્વનું વધુ પોષણ કે દઢીકરણ થવું તેને ગૃહિત મિથ્યાત્વ કહે છે. સામાન્ય રીતે કુદેવ, કુગુરુ કે કુશાસ્ત્રના નિમિત્તે ધર્મના નામે અધર્મનું સેવન થતાં પોતાનું અગૃહિત મિથ્યાત્વ વધું મજબૂત બને છે તે ગૃહિત મિથ્યાત્વ છે.

સંસારી અજ્ઞાની જીવનું પહેલેથી જ ચાલ્યું આવતું અગૃહિત મિથ્યાત્વ અનેક પ્રકારનું છે. તેનું વિભાગીકરણ મુખ્યત્વે ૧. સંસારમાં સુખબુદ્ધિ, ૨. પર્યાયદષ્ટિ, ૩. પરપદાર્થનું કર્તૃત્વ, ૪. શરીરમાં પોતાપણું અને ૫. તત્ત્વની અપ્રાપ્તિ – એ પાંચમાં થઇ શકે છે. આ પાંચ પૈકી સંસારમાં સુખબુદ્ધિ એ મુખ્ય અને મૂળભૂત અગૃહિત મિથ્યાત્વ છે. સંસારમાં ક્યાંક સુખ માનવું એ સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ છે.

સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ મટાડવા માટેનો એક માત્ર ઉપાય નાસ્તિથી સંસારમાં ક્યાંય સુખ નથી અને અસ્તિથી માત્ર મોક્ષ અને મોક્ષમાર્ગમાં જ સુખ છે એવી આ પુસ્તકના વિષયભૂત સંસારદુઃખ અને મોક્ષસુખની સર્વગ્રાહી સમજણ છે. આવી સમજણથી સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ મટતાં ત્યાર પછી બાકીના બીજા મિથ્યાત્વ મટી શકે છે અને તે મટ્યા વિના અન્ય કોઇ મિથ્યાત્વ પણ મટી શકતું નથી. તે આ રીતે–

**પર્યાયદષ્ટિ :** પોતાને ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવને બદલે પલટતી પર્યાય જેટલો માનવો તે પર્યાયદષ્ટિ છે.

દ્રવ્યદષ્ટિથી પોતે અનંત સુખનો સાગર છે. સંસારમાં સુખબુદ્ધિ મટ્યા વિના દ્રવ્યદષ્ટિ થતી નથી અને તેથી પર્યાયદષ્ટિ નામનું મિથ્યાત્વ પણ મટી શકતું નથી.

**પરપદાર્થનું કર્તૃત્વ :** પરવિષયોનું પ્રયોજન કે વલણ તે પરપદાર્થનું કર્તૃત્વ છે.

સંસારમાં સુખબુદ્ધિ હોય તેને પરવિષયોનું પ્રયોજન કે વલણરૂપ કર્તૃત્વ વર્ત્યા કરે છે અને પરવિષયો પ્રત્યે સમભાવ કે સાક્ષીભાવરૂપ જ્ઞાતૃત્વ વર્તતું નથી. જ્ઞાતૃત્વ વિના કર્તૃત્વ ટળી શકતું નથી.

**શરીરમાં પોતાપણું :** શરીરમાં એકત્વ કે મમત્વને શરીરમાં પોતાપણું કહે છે.

સંસારમાં સુખબુદ્ધિ એ જ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિ છે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિ હોય તેને પાંચ ઇન્દ્રિયોના પૂતળારૂપ શરીરમાં પોતાપણું અવશ્ય હોય જ છે.

**તત્ત્વની અપ્રાપ્તિ :** જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોની ભૂલને તત્ત્વની અપ્રાપ્તિ નામનું મિથ્યાત્વ કહે છે.

સંસારમાં સુખબુદ્ધિ હોય તેને સાતેય તત્ત્વોની ભૂલ હોય છે. તે આ રીતે–

**જીવ તત્ત્વની ભૂલ :** પોતાના જીવ દ્રવ્યને દ્રવ્યદષ્ટિએ ત્રિકાળ ધ્રુવ દ્રવ્યસ્વભાવને બદલે પર્યાયદષ્ટિએ પલટતી પર્યાયસ્વભાવરૂપ માનવો તે જીવતત્ત્વની ભૂલ છે.

સંસારમાં સુખબુદ્ધિ હોય તેને પર્યાયદષ્ટિ હોવાથી જીવ તત્ત્વની ભૂલ હોય છે.

**આસ્રવ-બંધ તત્ત્વની ભૂલ :** આસ્રવ-બંધ હેય તત્ત્વ છે. તેથી તેના પેટારૂપ પુણ્ય પણ હેય છે તોપણ પુણ્યને ઉપાદેય માનવો તે આસ્રવ-બંધતત્ત્વની ભૂલ છે.

સંસારમાં સુખબુદ્ધિ હોય તેને પુણ્યથી પ્રાપ્ત ભોગોપભોગમાં ઉપાદેયપણું હોવાથી તેને આસ્રવ-બંધતત્ત્વની ભૂલ છે.

**સંવર-નિર્જરા-મોક્ષ તત્ત્વની ભૂલ :** સંવર-નિર્જરા એ મોક્ષમાર્ગરૂપ ઉપાદેય તત્ત્વ અને મોક્ષ એ સંસારના અભાવરૂપ પરમ ઉપાદેય તત્ત્વ છે તોપણ તેને હેય માનવા તે સંવર-નિર્જરા-મોક્ષ તત્ત્વની ભૂલ છે.

સંસારમાં સુખબુદ્ધિ હોય તેને મોક્ષમાર્ગ અને મોક્ષમાં સુખબુદ્ધિ સંભવતી નથી. તેથી તેને સંવર-નિર્જરા-મોક્ષ તત્ત્વની ભૂલ હોય છે.

**ઉપર મુજબ આ પુસ્તકના વિષયભૂત સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ મટે અને તેથી બીજા મિથ્યાત્વ પણ મટે તે છે.**

## ઉપસંહાર

સંસારમાં રખડતો અજ્ઞાની જીવ અનેક પ્રકારના અનંત અનંત દુઃખો ભોગવે છે. સંસારી જીવના દુઃખનો અંત તેના સંસારના અંતથી જ આવી શકે છે. પણ સંસાર અને તેના દુઃખનો અંત આણવા માટે સંસાર સર્વપ્રકારે દુઃખમય છે તે નક્કી થવું જરૂરી છે. તેમ જ સંસારથી વિરુદ્ધ




મોક્ષમાં જ સુખ છે તે પણ નક્કી થવું જરૂરી છે. નાસ્તિથી સંસારમાં ક્યાંય સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં જ સુખ છે તેમ નક્કી થાય તો જ આ જીવ સંસારને ટાળવાનો અને મોક્ષને મેળવવાનો ઉપાય કરી શકે. તેથી અનાદિનું દુઃખ અને સાચા સુખની શરૂઆત થાય. આ માટે જ આ પુસ્તકના વિષય સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન છે.

સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ઉત્તરોત્તર ફળ ભવ્યપણાંની પ્રગટતા, આત્મહિતની યોગ્યતા, આત્માર્થીપણાની ઉત્પત્તિ, મોક્ષમાર્ગસંબંધી સવળા પુરુષાર્થનું પ્રવર્તન તેમ જ સંસારમાં સુખબુદ્ધિ નામના મિથ્યાત્વનું મટવું અને તેથી અન્ય બીજા મિથ્યાત્વ પણ મટી શકે તે છે.

આ રીતે સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન અને ફળ અલૌકિક અને અદ્ભૂત છે. તેથી સંસારદુઃખ અને મોક્ષસુખની સંપૂર્ણ અને સર્વાંગીણ સમજણ જ સારભૂત છે તેમ દર્શાવતા કવિ ભૂરામલ કહે છે—

सबल निबल निर्धन धनी, दुःखी सभी संसार ।
सार नही संसारमैं, शिवपद है सुखकार ॥




**ભાવાર્થઃ** નિર્બળ અને ગરીબ હોય કે બળવાન અને ધનવાન હોય– સંસારના બધાં જ પ્રાણીઓ દુઃખી છે. તેથી મનુષ્ય-દેવ-નારકી-પશુ એ ચારગતિરૂપ સંસારમાં 'સારભૂત કશું જ નથી. એક માત્ર મોક્ષમાર્ગ જ સુખરૂપ હોવાથી સારભૂત છે.

(કવિ ભૂરામલકૃત સંસારભાવના)

## ટિપ્પણ

(અઘરા કે અપરિચિત શબ્દોના અર્થ)

૧. **લોકાગ્ર :** લોકનો અગ્ર કે ટોચનો ભાગ. ●૨. **સમીચીન :** યોગ્ય, યથાર્થ. ●૩. **ઉપાદેય :** ગ્રહણ કરવા યોગ્ય. ૪. **વ્યુત્પત્તિ :** નિરુક્તિ, શબ્દની મૂળ ધાતુ અનુસારનો અર્થ. ●૫. **અકિંચિત્કર :** અકાર્યકારી, કાંઈ ન કરે તેવું ● ૬. **અભિનિવેશ :** દઢ નિશ્ચય, આગ્રહ કે હઠ ● ૭. **પરાપૂર્વ :** બહુ જૂનો સમય, પ્રાચીન કાળ ●૮. **સારભૂત :** સારવાળું, પ્રયોજનભૂત

## સંદર્ભ સાહિત્ય


પ્રાસ્તાવિક ૧. કબીરનો દોહરો ●૨. મોક્ષમાર્ગ પ્રકાશક : અ. ૩, સંસારદુઃખ અને મોક્ષસુખ નિરૂપણ : પાનુ ૪૯.૧. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન ૧.૧.નાસ્તિથી સંસારમાં સુખ નથી અને અસ્તિથી મોક્ષમાં સુખ છે તે સમજવ ●૧.પદ્મનંદી પંચવિંશતિઃ, અધિકાર ૬, શ્લોક ૪૭ ●૨.બહેનશ્રીના વચનામૃત : ૧૫૮, ૪૧૪ ●૩. પ્રવચનસાર : ગાથા ૧૩, ૬૨, ૭૬ ●૪. મો.મા.પ્ર. : અ.૩ : સિદ્ધ અવસ્થામાં દુઃખના અભાવની સિદ્ધિ પાનુ ૭૬ ●૫. ન્યાય વિનિશ્ચય : અધિકાર ૧, શ્લોક ૩ ની ટીકા, પાનુ ૫૮ ●૬. જૈ.સિ.કોષ : ભાગ ૨ : ન્યાય : ૧ : પાનુ ૬૩૧ ૧.૨. અનાદિનું દુઃખ ટળે અને સાચા સુખની પ્રાપ્તિ થાય ૧. છ ઢાળા : ઢાળ : ૧ : ગાથા ૧ ●૨. બહેનશ્રીની સાધના અને વાણી : પત્રવ્યવહાર : વિ.સં. ૧૯૮૭-૮૮ નો પત્ર, પાનું ૪૨ ૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ ૨.૧. ભવ્યપણાંની પ્રગટતા ૧.પ્રવચનસાર :ગાથા ૬૨ અને તેની ટીકા ●૨. પંચાસ્તિકાય : ગાથા ૧૬૩ ●૩.પદ્મનંદિ-પંચવિંશતિઃ :અધિકાર ૪ : શ્લોક ૨૦ થી ૨૩ ૨.૨. આત્મહિતની યોગ્યતા ●૧.શ્રીમદ્ રાજચંદ્ર : વર્ષ ૨૪, પત્રાંક ૨૫૪ ●૨.ગુરુદેવશ્રીના વચનામૃત નં. ૬૩ ૨.૩. સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું પ્રગટે ૧. ધાનતરાયકૃત ધાનતવિલાસ : ગાથા ૭૩ ●૨.બહેનશ્રીનાં વચનામૃત નં. ૬૧, ૨૭૮ ૨.૪. સંસારસંબંધી અવળો પુરુષાર્થ ટળી મોક્ષમાર્ગસંબંધી સવળો પુરુષાર્થ પ્રવર્તે ૧. પદ્મનંદી પંચવિંશતિ : અ.૭ : શ્લોક ૨૫નો પૂર્વાર્ધ; ● ૨. પુરુષાર્થ સિદ્ધિ ઉપાય : ગાથા ૯ ની

ટીકા, ગાથા ૧૫; ● ૩. સર્વાર્થસિદ્ધિ : ૧/૬/૨૧; ●૪. પરમાત્મપ્રકાશ : અ. ૨, ગાથા ૩; ●૫. જ્ઞાનાર્ણવ : અ.૩, ગાથા ૫; ●૬. દર્શન પ્રાભૃત : ગાથા ૬; ●૭. ગોમ્મટસાર : કર્મકાંડ : ગાથા ૧૬; ●૮. બ્હેનશ્રીના વચનામૃત : નં. ૩૬; ●૯. ગુરુદેવશ્રીના વચનામૃત : ન. ૧૩૪; ●૧૦. જૈ. સિ. કોષ : ભાગ ૩ : પુરુષાર્થ : પાનુ ૭૦ **૨.૫. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ અને તેથી બીજા મિથ્યાત્વ પણ મટી શકે** ૧. રત્નકરંડ શ્રાવકચાર : ગાથા ૩૪ ●૨. ગુરુદેવશ્રીના વચનામૃત : નં. ૬૨ ●૩. સમયસાર : ગાથા ૮૮ની તાત્પર્ય વૃત્તિ, ગાથા ૨૪૭ની આત્મખ્યાતિ ટીકા ●૪. નયચક્ર બૃહદ : ગાથા ૩૦૬ **ઉપસંહાર** ૧. બારહભાવના શતક : ભાગ ૨ : કવિભૂરામલ કૃત સંસાર ભાવના, પાનું ૨૨૭

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ ચોરસમાં દર્શાવો.**

**૧. આ સંસાર શેના જેવો નથી ?** ૧. ☐
A. અમૃતના ઘડા B. કાંટાની વાડી
C. કાગળના પડીકા D. ઝાડ અને ઝાંખરા

**૨. આ સંસારમાં શરણભૂત કોણ છે ?** ૨. ☐
A. સદ્ગુરુ B. મા-બાપ
C. પુણ્યનો ઉદય D. ધનસંપતિ

**૩. કયો જીવ સંસારમાં સુખ માને છે ?** ૩. ☐
A. જ્ઞાની B. અજ્ઞાની C. ભવ્ય D. અભવ્ય

**૪. કયા કારણે સાંસારિક વિષયજન્ય સુખને સુખ કહી શકાતું જ નથી ?** ૪. ☐
A. સુખાભાસ B. અપારમાર્થિક રૂઢિ
C. પારમાર્થિક રૂઢિ D. ભ્રાંતિ

**૫. સુખના બે પ્રકાર જણાવો ?** ૫. ☐
A. સંસારનું સુખ અને મોક્ષનું સુખ
B. લૌકિક સુખ અને પારમાર્થિક સુખ
C. ઈન્દ્રિય સુખ અને અતીન્દ્રિય સુખ
D. મોક્ષમાર્ગનું આંશિક સુખ અને મોક્ષદશાનું પૂર્ણ સુખ

**૬. સૌ પ્રથમ કયા પ્રકારનું મિથ્યાત્વ ટળે તો જ બીજા દરેક પ્રકારના મિથ્યાત્વ ટળી શકે ?** ૬. ☐
A. દેહમાં આત્મબુદ્ધિ B. પુણ્યમાં ઉપાદેયપણું
C. પર્યાય દષ્ટિ D. સંસારમાં સુખબુદ્ધિ

**૭. આ લોકની અલ્પ પણ સુખેચ્છા કોને રોકનારી છે?** ૭. ☐
A. મોક્ષ B. મોક્ષમાર્ગ
C. આત્મપ્રાપ્તિની યોગ્યતા D. આત્મિક સુખ

**૮ અજ્ઞાની માટે આત્મિક સુખનો નિર્ણય કયા પ્રમાણથી શકય છે ?** ૮. ☐
A. પ્રત્યક્ષ B. પરોક્ષ C. સ્વાનુભવ
D. કોઈપણ પ્રમાણથી શકય નથી

**૯. આ સંસારમાં દુઃખ છે તો સંસારથી વિરુદ્ધ મોક્ષમાં સુખ હોવું જોઈએ તેમ શી રીતે કહી શકાય ?** ૯. ☐
A. વિરોધીની ઉપસ્થિતિ B. આગમ
C. અનુમાન D. ન્યાય.

**૧૦. ચાર પ્રકારના પુરુષાર્થમાં કયો પુરુષાર્થ ઉપાદેય છે ?** ૧૦. ☐
A. મોક્ષ B. કામ C. અર્થ D. ધર્મ

**૧૧. વ્યુત્પત્તિ અનુસાર પુરુષ કોને કહે છે ?** ૧૧. ☐
A. આત્મા B. નરજાતિ
C. ચેતનાગુણ D. પત્નિનો પતિ

**૧૨. ધર્મના પુરુષાર્થમાં ધર્મ એટલે શું નથી ?** ૧૨. ☐
A. સમ્યગ્દર્શન B. સદાચરણ
C. શુભભાવ D. પુણ્ય

**૧૩. પુરુષાર્થના સમાનાર્થીમાં કોનો સમાવેશ નથી ?** ૧૩. ☐
A. આત્માનું બળ
B. આત્માનું પ્રયોજન
C. આત્માની વીર્યશક્તિ
D. આત્માની ઊર્જા

**૧૪. પોતાનો પુરુષાર્થ કેવો નથી ?** ૧૪. ☐
A. સ્વદીન B. સફળ C. નિષ્ફળ D. સ્વભાવ

**૧૫. મોક્ષ સંબંધી પોતાના આત્માના કાર્યમાં પોતાનો પુરુષાર્થ કયા પ્રકારનું કારણ છે ?** ૧૫. ☐
A. નિમિત્ત કારણ B. સહકારી કારણ
C. સહચરી કારણ D. નિશ્ચય કારણ

**૧૬. સંસાર સંબંધી પરપદાર્થના કાર્યમાં પ્રવર્તતો પોતાનો પુરુષાર્થ કેવો છે ?** ૧૬. ☐
A. સવળો B. સફળ C. પરાધીન D. અકાર્યકારી

**૧૭. મોક્ષમાં ગયેલો જીવ ફરી પાછો સંસારમાં પાછો ફરતો નથી તે શું સૂચવે છે ?** ૧૭. ☐
A. સંસારમાં દુઃખ અને મોક્ષમાંય દુઃખ
B. સંસારમાં સુખ અને મોક્ષમાંય સુખ
C. સંસારમાં દુઃખ અને મોક્ષમાં સુખ
D. સંસારમાં સુખ અને મોક્ષમાં દુઃખ

**૧૮. નીચેનામાંથી કયા બે સાથે સંભવી શકતાં નથી ?** ૧૮. ☐
A. ધર્મનો પુરુષાર્થ અને ધનનો પુરુષાર્થ
B. સંસારાર્થીપણું અને આત્માર્થીપણું
C. લક્ષ્મી અને સરસ્વતી
D. ન્યાયધીશ અને અન્યાયી

**૧૯. અજ્ઞાની જીવે કયા સુખનો ભોગવટો કયારેય કર્યો નથી ?** ૧૯. ☐
A. આત્માનું અતીન્દ્રિય સુખ
B. ઈન્દ્રિયોનું વિષયજન્ય સુખ
C. સ્વર્ગલોકનું સ્વર્ગીય સુખ
D. ભોગભૂમિનું કલ્પવૃક્ષીય સુખ

**૨૦. આત્માનું હિત શેમાં છે ?** ૨૦. ☐
A. સુખની પ્રાપ્તિમાં
B. પૈસાની પ્રાપ્તિમાં
C. દીન દુઃખીઓની સેવામાં
D. ભણીગણીને હોંશિયાર થવામાં

## સૈદ્ધાંતિક પ્રશ્નો

**નીચેના પ્રશ્નો એક કે બે વાક્યોમાં ટૂંકા જવાબ આપો.**

૧. આ જીવની એક માત્ર આવશ્યકતા શાની છે ?
૨. શા માટે સંસાર સારભૂત નથી ?
૩. શા માટે મોક્ષ જ સર્વ પ્રકારે સારભૂત છે ?
૪. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું પ્રયોજન દર્શાવો ?
૫. સંસારી જીવનું એક માત્ર પ્રયોજન શું છે ?
૬. શા માટે સુખ એક જ પ્રકારે હોય છે ?
૭. સંસારનો સાચો ત્રાસ લાગ્યો ક્યારે કહેવાય ?
૮. મોક્ષસુખનો નિર્ણય ક્યા પ્રકારના પરોક્ષ પ્રમાણથી થઇ શકે ?
૯. શા માટે મોક્ષ અને મોક્ષમાર્ગમાં જ સુખ હોય છે ?
૧૦. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું ફળ દર્શાવો ?
૧૧. ભવ્ય હોવા છતાં ભવ્યપણાંની પ્રગટતા માટે શેની જરૂર છે ?
૧૨. શ્રીમદ્ રાજચંદ્રના કથન અનુસાર આત્મહિતની યોગ્યતા પણ રોકાઈ જવાનું કારણ શું છે ?
૧૩. પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અનુસાર આત્મહિતની યોગ્યતા માટે શું જરૂરી છે ?
૧૪. આત્માર્થીપણાની યોગ્યતા ક્યારે આવે ?
૧૫. શા માટે મોક્ષસુખ જ સર્વપ્રકારે ઈચ્છવા યોગ્ય છે ?
૧૬. અજ્ઞાની જીવ મોક્ષ અને મોક્ષના માર્ગને કેવો માને છે ?
૧૭. નિર્વેદ એટલે શું ?
૧૮. સંવેગ એટલે શું ?
૧૯. આત્મિક સુખની યોગ્યતા માટે સૌપ્રથમ શું જરૂરી છે ?
૨૦. મોક્ષાર્થીને બીજા ક્યા શબ્દોમાં કહી શકાય છે ?
૨૧. સંસારાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું ક્યારે બને ?
૨૨. પુરુષાર્થ એટલે શું ? તેના પ્રકાર જણાવો.
૨૩. ત્રિવર્ગનો પુરુષાર્થ એટલે શું ?
૨૪. અપવર્ગનો પુરુષાર્થ એટલે શું ?
૨૫. આત્માનો પુરુષાર્થ કઈરીતે કામ કરે છે ?
૨૬. શા માટે આ જીવને કોઇ અકલ્યાણકારી હોય તો તે એક માત્ર મિથ્યાત્વ જ છે ?
૨૭. મિથ્યાત્વ એટલે શું ? તેના પ્રકાર જણાવો.
૨૮. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ કોને કહે છે ?
૨૯. પર્યાયદષ્ટિ નામનું મિથ્યાત્વ કોને કહે છે ?
૩૦. પરપદાર્થનું કતૃત્વ નામનું મિથ્યાત્વ કોને કહે છે ?
૩૧. શરીરમાં પોતાપણું નામનું મિથ્યાત્વ કોને કહે છે ?
૩૨. તત્ત્વની અપ્રાપ્તિ નામનું મિથ્યાત્વ કોને કહે છે ?

**નીચે આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

૧. આ સંસાર કેવો છે ? અને તેમાં કોણ શરણ છે ?
૨. શા માટે સંસારનો અભાવ કરી શીઘ્રાતિશીઘ્ર મોક્ષની જ પ્રાપ્તિ કરવા જેવી છે ?
૩. જૈન દર્શનમાં કોઇ પણ બાબતની સમજૂતી નાસ્તિ અને અસ્તિપૂર્વક આપવાની છે. શા માટે ?
૪. આગમ પ્રમાણ અનુસાર મોક્ષસુખનો નિર્ણય કઇ રીતે થાય ?
૫. યુક્તિ પ્રમાણ અનુસાર મોક્ષસુખનો નિર્ણય કઈ રીતે થાય ?
૬. વિરોધીની ઉપસ્થિતિ પ્રમાણ અનુસાર મોક્ષસુખનો નિર્ણય કઈ રીતે થાય ?
૭. ન્યાય પ્રમાણ અનુસાર મોક્ષસુખનો નિર્ણય કઈ રીતે થાય ?
૮. અનુમાન પ્રમાણ અનુસાર મોક્ષસુખનો નિર્ણય કઈ રીતે થાય ?
૯. સંસારી અજ્ઞાની જીવની સુખ વિષેની માન્યતા કેવી હોય છે અને તે શા માટે મિથ્યા હોય છે ?
૧૦. ભવ્ય, ભવ્યપણાંની પ્રગટતા, નિકટભવ્ય, દૂરભવ્ય અને અભવ્યની સમજૂતી આપો.
૧૧. પુરુષાર્થના ચાર પ્રકાર અને દરેકનું સ્વરૂપ જણાવો.
૧૨. શા માટે ત્રિવર્ગ અને અપવર્ગનો પુરુષાર્થ એક સાથે સંભવતો નથી ?
૧૩. શા માટે સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ હોય તો જ મોક્ષનું પ્રયોજન અને તેનો પુરુષાર્થ સંભવે અને તે સફળ બને ?
૧૪. આત્માનો પુરુષાર્થ સ્વાધીન છે તે કઈરીતે ?
૧૫. સંસારસંબંધી પુરુષાર્થ કઇ રીતે કાર્યકારી અને કઇ રીતે અકાર્યકારી છે ?
૧૬. પોતાના કાર્ય માટે પોતાનો પુરુષાર્થ સફળ જ છે તે કઈ રીતે ?
૧૭. અગૃહિત અને ગૃહિત મિથ્યાત્વનું સ્વરૂપ જણાવો.
૧૮. સંસારમાં સુખબુદ્ધિ નામનું મિથ્યાત્વ ટળતાં અન્ય મિથ્યાત્વ ટળી શકે તે બાબત સમજાવો.
૧૯. ચારગતિરૂપ સંસારમાં સારભૂત શું છે ? શા માટે ?
૨૦. શા માટે સંસારદુઃખ અને મોક્ષસુખની સમજણ હોય તો જ આ જીવનું અનાદિ સંસાર્થીપણું ટળી મોક્ષાર્થીપણું બને ?

### વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું કોઇ એક પ્રયોજન દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.
૨. સંસારદુઃખ અને મોક્ષસુખને સમજવાનું કોઇ એક ફળ દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.

(પ્રોજેક્ટ એક સર્જનાત્મક કાર્ય છે. પ્રોજેક્ટના મુદ્દાને મોડેલ, ચિત્રો, નકશા, આલેખ વગેરે દ્વારા રજૂ કરી શકાય છે. તેથી બાળકોની રચનાત્મક અને સર્જનાત્મક શક્તિનો સદુપયોગ થાય છે. જે વિષય પર પ્રોજેક્ટ કરવામાં આવે તે લાંબા ગાળા સુધી યાદ રહે છે અને હૃદયગત થઇ શકે છે. પ્રોજેક્ટ માટે પૂરક સાહિત્ય વાંચવું પડે છે અને બીજી આનુસંગિક માહિતી મેળવવી પડે છે. બાળકોના વાલીઓ પણ પ્રોજેક્ટમાં રસપૂર્વક ભાગ લઈ અને બાળકોને મદદ કરી શકે છે. જૂથનાં પ્રોજેક્ટ કરવાથી વિચારોનું આદાન પ્રદાન થાય છે. તેનાથી જ્ઞાન સામે ગમ્મત મળે છે બુદ્ધિશક્તિ વિકસે છે અને બાળકોની આંતરિક શક્તિને ખીલવવાની તક પણ મળે છે. સુંદર રીતે પ્રોજેક્ટ તૈયાર કરવા માટે ફેન્સી કાગળ અને રંગીન પેન બજારમાં મળી શકે છે.)

૨. પ્રકરણમાં આવતા કાવ્યનું સમૂહગાન કરો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. જેને જેમાં સુખ ભાસે છે તેનો અર્થી બને તે બાબત વિશદપણે સમજાવો.
૨. સંસારમાં દુઃખ છે તે દર્શાવતા સંસારભાવનાના અન્ય કાવ્યો વિષેની માહિતી આપવી.